

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

આવે નજીક નવાઝ, પણ સેના દૂરી રાખે છે,
બોલે મીઠું નવાઝ, સાંસદો જીભ તૂરી રાખે છે,
બૂરી રાખે છે નજર, આપણી સરહદો પર -
ભેટે છે પ્રેમથી પણ બગલમાં છૂરી રાખે છે...
(ફરી નાવિકોનું અપહરણ)

હાઈકુ

ભારે દબાણે -
સેન્સલેસ નેતાની -
લેવાય સેન્સ...
(નેતાની પસંદગી)

મળી રહે છે,
લોભણી ભૂતડીઓ
આ પીપળાને...
(અઝહરના ત્રીજાં લગ્ન)

### ચિંતન

**શોકા રાતિ ભયત્રાણં પ્રીતિ વિશ્રમ્ભ ભાજનમ્ ।**
**કેન રત્ન મિદં સૃષ્ટં મિત્ર ભિત્યક્ષદ્વયમ્ ॥**

'શોક, દુઃખ, ભયથી રક્ષણ કરનારું અને પ્રીતિ-વિશ્વાસનું પાત્ર - એવું 'મિત્ર' નામનું બે અક્ષરનું રત્ન કોણે સર્જ્યું હશે?!'

સંસાર વ્યવહારમાં સારા-માઠા, હાર-જીતના, નફા-ખોટના પ્રસંગો તો આવતા જ રહે છે. ઘણીવાર વાવાઝોડા જેવી કુદરતી આફતો પણ માણસને અકલ્પ્ય સ્થિતિમાં મૂકી દે - રોગ-માંદગીમાં પણ માણસને આશ્વાસનોની જરુર પડે છે. કુટુંબીજનો-પત્ની-પરિવાર પણ પોતાની મર્યાદામાં રહી સાથ આપે છે.

પરંતુ, સાચો મિત્ર એવો સાથ આપે છે જે ઘણીવાર નિકટનાં પણ નથી આપી શકતા. ઈતિહાસમાં મૈત્રી અને વફાદારીના અનેક દૃષ્ટાંત છે. આ શ્લોકમાં 'મિત્ર-રત્ન' ને સાચી અંજલિ આપવામાં આવી છે.

### સુવિચાર

- ભૂલ ભલે હો અલ્પ પણ..., દુઃખદ હોય પરિણામ...
  દીધા વચન દશરથે... રામ ગયા વનવાસ - **દોહો**
- હિમાલયની ઊંચાઈ એનાં શિખરો પરથી મરાય,
  ખીણ કોતરો પરથી નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- વાછરડાને પંપાળીએ, પણ એ એને ન ગમતું હોય તો
  એ પણ એક જાતની હિંસા જ છે - **જનકલ્યાણ**
- એ સભા, સભા નથી જયાં વૃદ્ધો નથી અને એ વૃદ્ધો, વૃદ્ધો નથી જે સાચું બોલતાં નથી - **મહાભારત**
- જે છે તેનો સ્વીકાર એટલે મુક્તિ, જે છે તેનો અસ્વીકાર એટલે બંધન - **સમયસૂત્ર**
- સાચી બાબતોનો વિરોધ ન કરવાથી વિશ્વમાં દુર્જન માણસોને નકામું બળ મળે છે - **સંત રોબિન**
- **આજનું ઔષધ : મરી પાઉડર ઘીમાં મેળવીને ખાવાથી શીળસમાં રાહત થાય છે.**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

લગ્નજીવન, દાંપત્ય સારી રીતે જીવવું અને ટકાવવું એ પતિ-પત્નીના હાથમાં જ છે. શક્ય છે તેમાંથી એકનો સ્વભાવ-જીવ-ટેવો-જીવનશૈલી વર્તન અસહ્ય હોય છતાં પણ 'અનુકૂલન'થી એકમેકને સહન કરી 'આનંદથી' હસતાં હસતાં જ જીવવું જોઈએ. એનો ઉકેલ બહાર નથી. બદલો લેવાની ભાવનાથી ચલિત થયું કે છૂટાછેડા એનો ઉપાય નથી.

જેકલની પત્ની ચર્ચની બહાર ફાધરની રાહ જોઈ સવારથી ઊભી હતી. ફાધર આવ્યા.

જેકલની પત્નીએ લગ્નનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાઢ્યું અને લગભગ ગુસ્સામાં અને ઊંચા અવાજે કહ્યું, ફાધર! આ લગ્નમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટમાં તમારી જ સહી છે ને? મને બરાબર યાદ છે.

ફાધરે સર્ટીફીકેટ તેણીના હાથમાંથી લઈ જોયું અને પૂછ્યું - હા મારી જ સહી છે - તમારા લગ્નની વિધિ મેં જ કરાવી હતી. પણ એનું શું છે? સ્ત્રીએ આંસુ સારતા કહ્યું, જેકલ, કાલ રાત્રે મેરીને લઈ ભાગી ગયો. એને હવે લાવી દ્યો!

ફાધરે - પ્રાર્થનાની મુદ્રા કરી સ્મિત રેલાવી ચાલ્યા ગયા...

## જેટલી : ભાજપ માટે અસ્કામત કે જવાબદારી?

દિલ્હીમાં કેન્દ્ર અને કેજરીવાલ વચ્ચે સતત કંઈ ને કંઈ વિખવાદ ચાલતો જ રહે છે. છેલ્લે એ વિખવાદ અદાલતના આંગણે પહોંચ્યો છે. મુખ્યમંત્રીના પ્રિન્સિપાલ સેક્રેટરી રાજેન્દ્રકુમારની ઑફિસ પર સીબીઆઈએ એમની સામે ચાલી રહેલ તપાસ સંદર્ભે દરોડા પાડ્યા એથી કેજરીવાલ ખિજાઈ ગયા હતા અને 'ડીડીસીએ' વિશેની ફાઈલો કબજે લેવા માટે મોદી અને જેટલીના ઈશારે આ દરોડા પડાવાયા હોવાના બેફામ આક્ષેપો કર્યા હતા. જેટલીના ડીડીસીએના અધ્યક્ષપદ દરમિયાન થયેલી ગેરરીતિઓના પુરાવા પણ કેજરીવાલ અને એમના સાથીઓ ભેગા કર્યા છે. જો કે અરૂણ જેટલી આ બાબતને શરુઆતમાં 'બકવાસ' તરીકે ખપાવી જવાબ આપવાનું ટાળતા રહ્યા હતા, પરંતુ કેજરીવાલની 'આપ' પાર્ટી દ્વારા પ્રેસ કોન્ફરંસ કરીને વિગતો આપવામાં આવતાં તેઓને સક્રિય થવાની ફરજ પડી છે. એમણે કેજરીવાલ અને એમના સાથીઓ વિરુદ્ધ બદનક્ષીનો દાવો ઠોકી દીધો છે. આ માટે કેન્દ્રીય નાણામંત્રી જાતે પટિયાલા હાઉસ કોર્ટમાં પહોંચ્યા હતા. સાથે એમણે હૂંફ આપવા માટે વેંકૈયા નાયડુ અને સ્મૃતિ ઈરાની સહિત છ કેન્દ્રિય મંત્રીઓ અને અન્ય

### તંત્રીસ્થાનેથી....

ભાજપ નેતાઓનું ટોળું હતું. જેટલીએ દસ કરોડનો બદનક્ષીનો દાવો મૂક્યો છે. પોતે વરિષ્ઠ ધારાશાસ્ત્રી હોવા છતાં હાલ મંદીપદે હોઈ એમનો કેસ જાણીતા એડવોકેટ લુથરા લડશે. સામે કેજરીવાલના પક્ષે સુપ્રીમ કોર્ટના સિનિયર મોસ્ટ ધારાશાસ્ત્રી અને ભાજપના જ સ્થાપક સભ્ય રામ જેઠમલાણી મેદાનનાં ઉતરશે. કેજરીવાલ માને છે કે જેટલીએ બદનક્ષીનો કેસ કરીને જાતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે. આમ 'બેઉ બળિયા બાથે વળગિયા' જેવી સ્થિતિ સરજાઈ છે. કેજરીવાલે ડીડીસીએ કૌભાંડની તપાસ નીમવાની પણ પેરવી કરી છે. આથી કેન્દ્ર સરકાર ભારે મૂંઝવણમાં મુકાઈ જાય તે સ્વાભાવિક છે. અરૂણ જેટલી ભાજપના મોવડીમંડળના સભ્ય છે અને અડવાણી જેવા વરિષ્ઠ નેતા સામે મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે રજૂ કરવામાં સૌથી મોટો ફાળો રહ્યો છે. મોદી અને અમિત શાહ બેઉને એમણે કાયદાકીય મદદ કરેલી છે. પાર્ટીમાં અને પાર્ટી બહાર જેટલી વ્યાપક સંબંધો ધરાવતા હોઈ પાર્ટી અને સરકાર માટે ટ્રબલશૂટરની ભૂમિકા ભજવતા રહ્યા છે. મોદીએ એમની કદર પણ કરી છે. અમૃતસરમાં લોકસભાની ચૂંટણી હારી ગયેલા જેટલી ગુજરાતમાંથી રાજયસભાનાં પ્રતિનિધિ છે. એમને બચાવવા માટે સ્વાભાવિક રીતે જ પાર્ટી છેલ્લામાં છેલ્લા પ્રયાસો કરી છૂટશે કારણ કે જેટલી એ પાર્ટીની મહામૂલી અસ્કામત છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આખી પાર્ટી પૂરી તાકાત સાથે જેટલીની પડખે હોવાનું નિવેદન કર્યું છે અને ડીડીસીએના કહેવાતા કૌભાંડ સાથે જેટલીને દૂર સુધી કશો સંબંધ નહીં હોવાની બાંયેધરી આપી છે. પરંતુ પાર્ટીના જ એક દિલ્હીથી સાંસદ અને પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદ ખુલ્લંખુલ્લા જેટલીની સામે પડ્યા છે. પક્ષ પ્રમુખ તથા અન્ય અગ્રણીઓની સમજાવટ છતાં એમણે ડીડીસીએના કૌભાંડને ઉજાગર કરતી પ્રેસ કોન્ફરંસ કરી હતી. હવે જયારે જેટલીએ કેજરીવાલ અને એમની પાર્ટીના કેટલાક સભ્યો વિરૂદ્ધ દસ કરોડનો દાવો ઠોક્યો છે ત્યારે પણ કીર્તિ આઝાદ નરમ પડ્યા નથી. ઊલટાનો એમણે જેટલીને પોતાની સામે બદનક્ષીનો દાવો મૂકવા પડકાર ફેંક્યો છે. જયારે વાત આટલી હદે વણસી હોય ત્યારે એની પાછળ કંઈક તથ્ય તો હોવું જ જોઈએ. જેટલીની છાપ પારદર્શક, સ્વચ્છ રાજકારણીની રહી છે. પણ ડીડીસીએ - દિલ્હી ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિયેશનના વહીવટ દરમિયાન થયેલ નાણાકીય હેરાફેરીના છાંટા એમને ખરડી રહ્યા છે. સ્ટેડિયમ બાંધવાનું શ્રેય એમને જરુર જાય છે, પણ સાથે જ એની પાછળ થયેલ ખર્ચ મુદ્દે ઢાંકોઢૂંબો થતો રહ્યો હોય એમ લાગે છે. હવે જયારે કેજરીવાલના પક્ષે રામ જેઠમલાણી જેવા વરિષ્ઠ ધારાશાસ્ત્રી મેદાનમાં ઊતરશે ત્યારે જેટલી માટે એમના વકીલ લુથરા ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેવું બચાવનામું રજૂ કરે છે તે જોવું રસપ્રદ બની રહેશે. કેજરીવાલ જેટલીના કભા પર મૂકીને નિશાન તો નરેન્દ્ર મોદીને જ બનાવશે, એ કહેવાની જરુર ખરી?

## તુઝ મેં મૈં હું, મુઝ મેં તું

ગુલમોર
દિનેશ દેસાઈ



મહાન દાર્શનિક-ચિંતક રુમિએ લખ્યું છે કે "હું તારામાં છું અને 'હું' એ 'તું' જ છે, પરંતુ જ્યાં સુધી 'તું' તારું સમગ્ર અસ્તિત્વ યા પોતાપણું મારામાં ઓગાળી નહીં દે, ત્યાં સુધી આ વાત નહીં સમજાય."

અહમ્ ઓગાળવાની અને પ્રિયજનના અસ્તિત્વમાં ઓગળી જવાની વાત છે. પ્રેમની આ જ તો બારીકાઈ છે. પ્રેમ હોય ત્યારે સામી વ્યક્તિને એવું પુછવું ના પડે કે "તું મને પ્રેમ કરે છે?" જો જરા પણ સંશય હોય કે સામી વ્યક્તિને તમારા પ્રત્યે પ્રેમ-આદર યા સ્નેહભાવ નથી, તો એવા સંબંધનો બોજ ઊંચકીને ફર્યા કરવાનો કોઈ જ અર્થ નથી.

તમે કોઈના પ્રેમમાં પડો છો, તમે કોઈને ચાહવા લાગો છો, ત્યારે સૌથી મોટી અડચણ, મોટો અવરોધ કયો આવે છે, ખબર છે? સૌ જાણે છે કે પ્રેમ છુપાવવાની લાખ કોશિષ પછી પણ છુપાવી શકાતો નથી. તમારી નજીકના લોકોને અણસાર આવતો જાય કે તમે પ્રેમમાં છો, એટલે આપણા જ લોકો કહેવાનું શરુ કરી દેશે કે (૧) એ વ્યક્તિ તારે લાયક જ નથી. (૨) એ વ્યક્તિ સાથે સંબંધ જોડીને તું મુસીબત સિવાય કશું પામીશ નહીં. (૩) તું મુર્ખ છે કે એ વ્યક્તિને પ્રેમ માટે પસંદ કરી? (૪) હે, ભગવાન, તને એના કરતા બીજું કોઈ ના મળ્યું પ્રેમ કરવા? (૫) તને હજુ સારું પાત્ર મળી શકે એમ છે, એનામાં ક્યાં ફસાય છે? (૬) તું જે વ્યક્તિને પસંદ કરે છે, એ તો આવી છે, ને તેવી છે. આ અડધો ડઝન દલીલો તો ઉદાહરણ માત્ર છે.

પ્રેમ કરનારને તેની આજુબાજુની વ્યક્તિઓ જ પ્રેમમાં પડતા રોકી લેવા આકાશ-પાતાળ એક કરી નાખે છે. જે સાચો પ્રેમ કરે છે, એ વ્યક્તિ આવી બધી દલીલોને ગણકારતી નથી અને જેને સાચા પ્રેમની પરખ જ નથી, તે વ્યક્તિ આવી દલીલોમાં આવી જાય છે અને પોતાના પ્રિય પાત્રને ગુમાવવા તૈયાર થઈ જાય છે.

**પ્રેમની આ જ તો બારીકાઈ છે, પ્રેમ હોય ત્યારે સામી વ્યક્તિને એવું પુછવું ના પડે કે "તું મને પ્રેમ કરે છે?" જો જરા પણ સંશય હોય કે સામી વ્યક્તિને તમારા પ્રત્યે પ્રેમ-આદર યા સ્નેહભાવ નથી, તો એવા સંબંધનો બોજ ઊંચકીને ફર્યા કરવાનો કોઈ જ અર્થ નથી**

પ્રેમ એટલે વળી પ્રેમ. એમાં વળી સાચો પ્રેમ અને ખોટો પ્રેમ એવું કશું ન હોય. છતા સમજીએ કે "ટ્રુ લવ" યાને "સાચો પ્રેમ" એટલે શું? સાચો પ્રેમ કરનાર પ્રિયજન એક જ જવાબ આપે છે કે "હું જેને ચાહું છું એ વ્યક્તિ ગમે તેવી હોય એથી મને કોઈ ફરક પડતો નથી. બસ, એને ચાહવાનો નિર્ણય મારો છે અને મારા નિર્ણયને હું ખોટો નહીં પાડું."

આમ થવાનું કારણ એ જ કે સાચો પ્રેમ કરનારનું મગજ બંધ થઈ જાય છે, એની બુદ્ધિ બહેર મારી જાય છે. બુદ્ધિ યા મગજના વિચારવાના તમામ રસ્તાઓ બંધ થઈ જાય છે. માત્ર દિલનો અવાજ જ સંભળાય છે અને દિલમાંથી પોતાના પ્રિયજનનો પોકાર જ સંભળાય છે. આ છે સાચો પ્રેમ.

ખરા પ્રેમની પોતાની આગવી તાકાત હોય છે. પ્રેમની વિશિષ્ટ ઓરા-આભામંડળ હોય છે. બે પ્રિયજન પોતાની આગવી દુનિયામાં મસ્ત રહે છે, ખોવાયેલાં રહે છે. બે પ્રિયજનની અંગત વાતો બાળક જેવી, બાળસહજ હોય છે. બાળક બનીને યા બાળક જેવા થઈને વાત કરવી એ નિર્દોષતાનું પ્રમાણ છે, નિર્દોષપણાંની સાબિતી છે.

બાળક એટલે જ નિર્દોષપણું. તમે બાળસહજ બની જાઓ, પછી તમારામાં કોઈ કુટિલતા આવતી નથી. કોઈ વિરોધ, વેરભાવ, રોષ, નકારાત્મકતા તમારામાં પ્રવેશી શકતાં નથી. તાળી એક હાથે ન પડે. બંને પાત્રમાં સરખું સમર્પણ અને સમાન નિષ્ઠા હોય ત્યારે પ્રેમ પાકટ બને છે. આ પ્રેમીઓ પોતાની આગવી મસ્તીમાં જે સુખનો અનુભવ કરે છે, તેનું તેઓ વર્ણન કરી શકતા નથી, કેવળ અનુભૂતિ જ કરી શકે છે.

ઓશો કહે છે કે પ્રેમ અને સેક્સ બેઉ કેવળ અનુભૂતિનો વિષય છે. એનું વર્ણન તમને સુખ આપી શકે નહીં. પ્રેમ અને સેક્સ કરવા પડે, એમાંથી પસાર થવું પડે. એક ગુજરાતી ઉક્તિ છે કે "માંહી પડે તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને." પ્રેમ કરનારનો હંમેશા વિરોધ થતો રહ્યો છે. ખરા પ્રેમનો જ વિરોધ થાય છે.

હંમેશા સોનું જ કસોટીની એરણે ચઢાવવામાં અને તપાસવામાં આવે છે. સુવર્ણકારને

અનુસંધાન પાના નં. ૭ પર

## પ્રથમાના કુટુંબ અને મારા કુટુંબ વચ્ચે બોલવાનું બંધ થઈ ગયું, એક અજબ પ્રકારની બેચેનીનો માહોલ હતો, બંને પક્ષે એકબીજાની ટીકાઓ થતી અને જુની વાતો યાદ કરાવતાં એક નવું મહાભારત ઊભું થઈ ગયેલું...

નવાં કલેવર
નટવર હેડાઉ



તેનું નામ પ્રથમા હતું. આ તેનું અસલ નામ નહોતું. અસલ નામ તો હેમા, રેખા, અર્પિતા, પ્રીતિ, અર્ચના, જયશ્રી કે રાજેશ્રી કંઈ પણ હોય આમ તો ઉષા, કલ્પના, સુષ્મા કે શ્યામલી નામ પણ કયાં કંઈ ખોટા છે. પ્રથમા તો એ નામ છે જેનાથી હું તેને બોલાવ્યા કરતો. હાં ઘરમાં બધાં તેને ગુડ્ડી કહીને બોલાવતાં.

નામ લઈને બોલાવવાનું ખાસ બનતું નહીં. હું જેવો તેના ઘરનો ઝાંપો ખોલી અંદર પ્રવેશું ત્યાં એ સામે જ આવી જતી.

'આવો...' એ બહુ હળવેથી પણ ઉત્સાહપૂર્વક કહેતી. અને હું પણ તેની સાથે સાથે તેના ઓરડામાં ચાલ્યો જતો.

અમે કલાકો સુધી વાતો કરતાં, કયારેક કયારેક તો વાતો કરતાં રાતના બાર વાગી જતા. અને તેના ઘરનાં કહેવા લાગતાં 'ગુડ્ડી, ચાલ સુઈ જા.'

આ રીતે અમારી વાતોને વિરામ મળતો અને તેમને મુકવા ઝાંપા સુધી આવતી. ઘણી વખત તો ઝાંપા પાસે ઊભા ઊભા પણ લાંબો સમય વાતો કરતાં રહેતા. એમ લાગતું કે વાતો પુરી થશે જ નહીં. છેવટે એકબીજાને ગુડનાઈટ કહેતાં લાચાર મનથી અમે બંને છૂટાં પડતા.

તેવા વખતે એમ થતું કે તેના ઘરના ઉપરના માળે જ મારું ઘર હોત તો કેવું, અને તેના અને મારા ઓરડા વચ્ચે દાદર હોત તો. ઉપર નીચેના ઓરડા અને વચ્ચે દારના પગથિયાંની કલ્પના મને અસીમ ખુશ કરતી. હું ઘણી વખત તેને આ મારી કલ્પના અંગે કહેતો ત્યારે તે હળવું સ્મિત કરતી.

તેનું એ સ્મિત મને બહુ જ ગમતું. અને હું ઘણી વખત ડરતાં ડરતાં તેને કહેતો પણ ખરો, આપણા બંનેનાં લગ્ન થઈ જાય તો કેવું?'

'તું સાવ ગાંઠો છે.' તેનો સંક્ષિપ્ત જવાબ રહેતો.

ઘણીવાર હું કહેતો આપણે યુરોપ ફરવા જઈએ અને ત્યાં જ આપણે લગ્ન કરી લઈએ તો.

તેને મળવાનું મારે બનેલું ત્યારે હું પહેલ વહેલો અમદાવાદ આવેલો. જે મિજબાનને ઘરે રોકાયો હતો તે મારા પપ્પાને આખું ઘર બતાવતાં બતાવતાં રસોડા સુધી લઈ ગયેલા. હું પણ તેમની સાથે હતો.

રસોડામાં એક શ્યામ છોકરી બેઠી હતી. મારા પપ્પાને કહેવામાં આવ્યું કે આ ગુડ્ડી છે. ત્યારે મેં તેને ત્રાસી આંખે જોઈ હતી. તે કંઈ બોલી નહોતી. હું પણ ચૂપ હતો. એ વાત અલગ છે કે હું તે સમયે હું ત્રીજા ધોરણમાં અને તે પહેલીમાં ભણતી હતી. તેના કાકાના લગ્નમાં હું અમદાવાદ આવેલો. તે અમારી પહેલી મુલાકાત હતી.

સમય સાથે તેણે બીએસસી કર્યું અને મેં એમ.એ. તે સમયે તેના પપ્પાના એક મિત્રનો દીકરો મેડીકલમાં ભણવા અમદાવાદ આવેલો. તે હોસ્ટેલમાં રહેતો હતો. અને પ્રથમાના પપ્પા જ તેના સ્થાનિક અભિભાવક હતા. તેથી તે અવારનવાર પ્રથમાને ઘેર આવવા લાગ્યો હતો. અમારી મિત્રતા ઓછી થઈ ન હતી. કલાકો સુધી ગપ્પા મારતાં જોનાર એમ પણ કહેતાં કે તમારી પાસે ગપ્પાનો મોટો સ્ટોક લાગે છે. પુરાં થતાં જ નથી. પ્રથમા તેની કૉલેજના રોજના બનાવોની વાતો ખૂબ જ લંબાણપૂર્વક મને કહેતી. એક દિવસ બપોરે હું તેના ઘરે ગયો તે જમવા બેઠી હતી. પણ તેણે એક મોટા ટુવાલથી પોતાનું મોં ઢાંક્યું હતું. મેં પુછ્યું, 'મોઢું છુપાવીને કેમ ખાય છે. તે હંસી અને મોંને વધુ છુપાવી લીધું. પેલો મેડીકલવાળો છોકરો તેની પાસે જ બેઠો હતો. તેને ટુવાલ હટાવી લીધો. મેં જોયું તો પ્રથમાના હોઠ સુઝેલો હતો.'

'અરે ! આ શું થયું ?'

'ભમરો કરડી ગયો. તેનો જવાબ હતો. હું અફસોસ કરવા લાગ્યો. તે દરમિયાન એક બનાવ બન્યો. પ્રથમાની મોટી બહેનનાં લગ્ન હતાં. જાન આવેલી. લોકોની અવરજવર હતી. તેમાં એક એવું કુટુંબ આવેલું જે મારા પપ્પાના ઓળખીતા હતા. મારા પપ્પા આગતાસ્વાગતા માટે ઊભા થયા. તેમને કહ્યું, 'ચાર ડીશ નાસ્તો લાવો, પંડ્યાજી આવ્યા છે.'

'નાસ્તો નથી' પ્રથમાના મામાએ કહી દીધેલું.

મારા પપ્પા ઘા ખાઈ ગયા. મારા કુટુંબના બધા પણ આ બનાવથી વિચલિત થઈ ઘેર જતાં રહ્યા. પ્રથમાના કુટુંબ અને મારા કુટુંબ વચ્ચે બોલવાનું બંધ થઈ ગયું. એક અજબ પ્રકારની બેચેનીનો માહોલ હતો. બંને પક્ષે એકબીજાની ટીકાઓ થતી અને જુની વાતો યાદ કરાવતાં એક નવું મહાભારત ઊભું થઈ ગયેલું. મારાં ઘરનાંને પણ મારી સામે વાંધો હતો. કેમ કે હું દરરોજ પ્રથમાને ઘેર જતો અને પ્રથમાને ઘેર પણ એ જ વાત હતી કે પ્રથમા જરાય બદલાઈ નથી.

આ પણ એક નવો અનુભવ હતો. હું પ્રથમાને ઘરે જાઉં, કોઈ મારી સાથે બોલે નહીં અને હું ચુપચાપ તેના બેડરુમમાં પહોંચી જાઉં. ભારત-પાક યુદ્ધ જેવી સ્થિતિ લગભગ એકાદ વરસ ચાલી. તે દરમિયાન મારી એક વાર્તા આકાશવાણી પર આવી. તે બહુ જ લોકપ્રિય નીવડી. આકાશવાણીને ઘણા પત્રો મળ્યા. તેમાં એક પત્ર મીનાનો હતો. જામનગરની આ શ્રોતાએ તેના વખાણ કર્યા હતા અને લખેલું કે આ વાર્તા તમે કેવી રીતે લખી, શું આ તમે ભોગવેલ યથાર્થ છે.

મેં પત્રનો જવાબ દીધો અને બીજી વાર્તા લખવાનું વિચારતો હતો ત્યાં એક નવી જ વાત બની ગઈ.

સવાર સવારમાં ઘરમાં એક કુટુંબ આવ્યું. ૧૬-૧૭ વર્ષની એક છોકરી તેનાં દાદી અને સંબંધમાં તેના એક કાકી. જાણવા એવું મળ્યું કે મેડીકલનો ટેસ્ટ આપવા તે છોકરી અમદાવાદ આવી છે.તેના પપ્પા અને મારા પપ્પા મિત્ર છે. મિત્રતાને કારણે તે છોકરી જેવું નામ અર્ચના હતું તે દાદી અને કાકા સાથે પરીક્ષા આપવા માટે મારે ઘેર રોકાવા આવી હતી.

સામાન્ય હાય, હલ્લો કર્યા બાદ હું ઘેરથી નીકળી ગયો. કેમ કે આમ વગર બોલાવ્યે આવેલ મહેમાનો સાથે રહેવું મને ગમતું નહીં. મોડી રાતે ઘેર આવ્યો ત્યારે પપ્પાએ કહ્યું, 'કાલ સવારે ૮ વાગ્યે અર્ચનાની પરીક્ષા છે. તારે તેને પરીક્ષા અપાવવા લઈ જવાની છે. અને પરીક્ષા આપી રહે એટલે પાછી ઘરે લાવજે. અમદાવદા તેની માટે અજાણ્યું છે.

(ક્રમશઃ)

-vanvihari@gmail.com

## પત્રકારની કમાલ..!! છાપાના સમાચારથી મદદની ટંકશાળ..!!

### ખબર એ રીતે મળે છે નગરના લોકને, કે વાંચો જેને તમે, અંદરથી અટકળ લાગે, સમાજના લોહીમાં જ્યાં ખાનદાની જઈ ભળે, સંવેદનાની એક ખબર, કેટલી સફળ લાગે!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત



ડિસેમ્બરની જામેલી ઠંડીમાં મોર્નિંગ વૉક કરીને પાછા ફરેલા વિરલભાઈ વરાળ ફેંકતી ચાના કપ સાથે અખબાર લઈને વાંચવા બેઠાં... કદાચ પુરુષો માટે આ સમય, ચા અને અખબાર એટલે એકદમ આનંદની વાત!

વિરલભાઈને સમાચાર વાંચતા એક ખબર પર નજર અટકી ગઈ. સેકટર-૨૧ની મસ્જિદની સામે રહેતી મરિયમ નામની આઠ વર્ષની દીકરી અચાનક સમતોલન ગુમાવતા સરકારી ઘરની ગેલેરીના બીજા માળેથી નીચે પટકાઈ. લોહીલુહાણ મરિયમને સાયરન વગાડતી ૧૦૮ સિવિલમાં લઈને પહોંચી ગઈ...

એના પપ્પા ફિરોઝ શેખ મસ્જિદની ચોકીદારીનું કામ કરતાં હતાં. એમની આર્થિક પરિસ્થિતિ સામાન્ય. ચાર બાળકોમાં મરિયમ સૌથી નાની, રૂપાળી અને લાડકી પણ... અકસ્માતના થોડા દિવસ પહેલાં જ એણે ગુલાબજાંબુ ખાવાની ઈચ્છા વ્યક્ત કરેલી. પણ પૈસાની ખેંચને કારણે અબ્બા ફિરોઝ એની ઈચ્છા પુરી કરી શક્યા નહોતાં!!

... અને થોડા જ દિવસોમાં આ એક અચાનક ઉપાધિ એમનાં શિરે આવી પડી. થોડી ઘણી બચતના પૈસાથી ટ્રીટમેન્ટ ચાલુ થઈ. દવા-મલમપટ્ટીમાં, ફળોમાં બે-ચાર દિવસમાં જ બચત વરાળ થઈ ગઈ... જે બાપ પાસે ગુલાબજાંબુ લાવવાના પૈસા નહોતા એ હવે એનાં વધુ ઉપચાર માટે કેવી રીતે પૈસા જોડી શકે? આવા વિચારથી અબ્બુજાન ઉદાસ હતાં...

હોસ્પિટલમાં આવેલા એક પત્રકારે આ વાત જાણી અને એક લોકોની સંવેદના પ્રગટાવે એવી સ્ટોરી કરી. સમાજનાં લોકોના લોહીમાં રહેલી ખાનદાનીને જગાડવામાં આ સ્ટોરી કામ કરી ગઈ... અને આ મરિયમની વાત અને મદદનો સાદ લોકો સુધી પહોંચી ગયો!!

વિરલભાઈ આખી સ્ટોરી વાંચતા સુધી તો આંખમાં ઝળઝળીયા અને ચા ઠંડી થઈ ચૂકી હતી... સાંજે તો સિવિલમાં મરિયમને મળવા આવેલા અનેક લોકોમાં એક હતા. ઈમર્જન્સી વોર્ડમાં હોવાથી એ મરિયમને તો મળી શક્યા નહીં પણ એના અબ્બાને મળી, મરિયમ જલ્દીથી સાજી થાય એવી શુભેચ્છા આપી એમનાથી શક્ય એટલી આર્થિક મદદ કરી નીકળી ગયા...

... આઠ દિવસ બાદ વિરલભાઈનો દીકરો વિશાળ અને મિત્રોએ ભેગાં થઈ એકઠી કરેલી રકમ આપવા તેઓ સિવિલ પહોંચ્યા. મરિયમના અબ્બુએ એ રકમ સ્વીકારવાની ના પાડતાં નમ્રતાથી કહ્યું, 'બેટા, બહોત શુક્રિયા. પેપરમાં મારા દીકરીના ન્યૂઝ અને સ્ટોરી આવવાથી સર્વધર્મના લોકોએ મને મદદની ટંકશાળ પાડી દીધી છે. એટલે હવે મારી પાસે એની ટ્રીટમેન્ટના પુરતાં પૈસા ભેગા થઈ ગયા છે એટલે સાચ્ચે જ તારાં પૈસા નથી જોઈતા. તમે તમારા પ્રભુને ખૂબ પ્રાર્થના કરો જેથી મારી મરિયમ જલ્દીથી સારી થઈ જાય.'

વિશાળ જતાં જતાં બોલ્યો, 'યે ફલ રખ લો. ઔર યહ મેરા નંબર હૈ, જરુરત પડે તો ફોન કર લેના.'

ઘરે પહોંચીને વિશાળે આ વાત એના પપ્પા વિરલભાઈને કરી. સાંભળીને એ તો અચંબો પામી ગયા. પૈસા માટે હવાતિયા મારતા અને ગમે તે માર્ગ અપનાવવાં તૈયાર થતાં માણસો વચ્ચે આવાંય પ્રામાણિક લોકો વસે છે? એમનું મન માનવા તૈયાર નહોતું...

સાચ્ચે તો માણસની પૈસાની જરૂરિયાત કયારેય પુરી થતી જ નથી. વિશ્વ હવે એ હદે વિસ્તરી ચૂક્યું છે, એટલી લોભામણી વસ્તુઓ રોજબરોજ માર્કેટમાં ઠલવાય છે. મસ્તુનો 'મોલ' અને વસ્તુઓ માટેનો 'મોલ' ખૂલી ગયા છે, અને એ ખરીદવા પૈસા તો જોઈએ જ ને? એટલે મારે રૂપિયાની જરુરન થી કે જોઈતાં નથી એવું કહેનારાં ઈમાનદાર લોકો સમાજમાં ટોર્ચ લઈને ફરો તોય મળે એમ નથી...



આજની ગળાકાપ સ્પર્ધામાં પોતાના પગલે લક્ષ્મી સામેથી આપણાં બારણે આવે તો એને નમ્રપણે નકારવામાં પણ સિંહ જેવું કલેજુ જોઈએ! યેનકેન પ્રકારેણ રૂપિયા કમાવવા આંધળી દોટ મુકતાં વ્યવહારુ વિશ્વમાં સચ્ચાઈથી, પ્રામાણિકતાથી જીવતા આવાય ઈમાનદાર માણસો છે. એવું ફિરોઝ શેખે એમનાં પોતાના વર્તન પરથી બતાવી દીધું છે, જે ખરેખર એક મૌલિક અને આનંદદાયક ઘટના છે...

ગાંધીનગરની સિવિલમાં અનેક દર્દીઓ વિવિધ રોગોના ઉપચાર માટે દાખલ થઈ જતાં હોય છે અને એમને આર્થિક મદદની જરુર પડતી હોય છે. અમુક સેવાભાવી સજ્જનો કે સંસ્થાઓ કોઈ નામ-સન્માન-પ્રસિદ્ધિની ખેવના વગર એમને મદદ કરતાં જ રહેતાં હોય છે...

પણ કયારેક આવા સમાચાર કે સ્ટોરી છાપામાં છપાય અને મદદ માટેનો લેખક કે વર્તમાનપત્ર દ્વારા સાદ પડાય ત્યારે બે રૂપિયાની પેનથી સમાચારનું શિર્ષક બાંધતો પત્રકાર કે બે રૂપિયાની કિંમતનું છાપુ જરૂરિયાતમંદ માટે મદદની ટંકશાળ પાડી અદ્ભૂત સમાજસેવાનું કાર્ય કરે છે! આવા સમાચાર વાંચીને જ સમાજનાં લોકોની ખાનદાનીનું લોહી સળવળી ઉઠે છે, સંવેદના સભરની એક ખબર ત્યારે કેટલી સફળ થઈને રહે છે.

લોકોની શુભેચ્છા, મદદનો હાથ, ઈશ્વરની કૃપા, ડૉકટરોની મહેનત અને મરિયમના મનોબળથી એ એકદમ સાજી નરવી થઈ હોસ્પિટલમાંથી રજા લઈ ઘરે પહોંચી ગઈ છે... નાતજાત પક્ષને કાયમ ટાર્ગેટ કરતાં અમુક વિકૃત તત્વોને આ એક સણસણતો જવાબ છે, એક પત્રકારની ખબર, સંવેદના સભરની રજૂઆત, સેવાની સરવાણી રેલાવી શકે છે!

મરિયમને ઘરે પછી તો એને મળવા વિરલભાઈ, વિશાળ અને પેલ પત્રકાર સાથે પહોંચ્યા... વિરલબાઈ મરિયમ માટે ગુલાબજાંબુ લઈને તો વિશાળ ઠંડીમાં ચોકીદારી કરતાં ફિરોઝ માટે સ્વેટર લઈને ગયાં... પત્રકાર મિત્ર સાથે શૅકહેન્ડ કરી મરિયમે થેન્ક્સ તો કહ્યું જ, પણ એણે જયારે પૂછ્યું કે, 'બેટા, બડી હોકર કયા બનોગી?

**ચૂંટલો :**

સમાજમાં બનતી ઘટનાઓને અખબાર દ્વારા પ્રગટ કરી થતી કે દયાળુ માણસો દ્વારા થતી સેવાઓ કેટલાંયને લાઈફ લાઈન આપી જાય છે, અને એમાં જરુરી મદદ મેળવ્યા બાદ લોભ ન કરતાં, મમદને વિનમ્રતાથી નકારતા સજ્જનને કારણે મદદ કરનારાં વધુ ઉત્સાહથી સેવા કરવા તત્પર બને છે.